# જોશી, પવાર, સદગુરુ જગ્ગી, કોહલી, યશુદાસને પદ્મ ખિતાબ

## 19 મહિલાઓનો સમાવેશ , પાંચ NRIની પસંદગી , પહેલી વાર બોલિવૂડની એક પણ હસ્તિનો યાદીમાં સમાવેશ ન કરાયો

» **89 મહાનુભાવોને પદ્મ એવોર્ડ્સ , 7ને પદ્મ વિભૂષણ , 7ને પદ્મ ભૂષણ , 75ને પદ્મશ્રી**

**એજન્સી** > નવી દિલ્હી

દેશના ટોચના નાગરિક સન્માન પદ્મ એવોર્ડ્સ માટે રાજકીય ક્ષેત્રે મુરલી મનોહર જોશી, શરદ પવાર અને લોકસભાના ભૂતપૂર્વ સ્પીકર પી.એ. સંગમાની પસંદગી કરવામાં આવી છે. એ જ રીતે રમત-જગત ક્ષેત્રે વિરાટ કોહલી, કર્ણાટકી સંગીતકાર અને ગાયક કે.જે. યશુદાસ સહિત ૮૯ મહાનુભાવોને પદ્મ એવોર્ડ્સ આપવાની જાહેરાત પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કરવામાં આવી હતી. આ પૈકી સાતને પદ્મ વિભૂષણ માટે અને સાતને પદ્મ ભૂષણ માટે પસંદ કરવામાં આવ્યા છે. એવોર્ડ માટે કુલ ૧૯ મહિલાનો સમાવેશ કરાયો છે. વિદેશીઓ, બિનનિવાસી ભારતીયો(NRI) કેટેગરીમાં પાંચ લોકોને અને છ લોકોને મરણોપરાંત પદ્મ પુરસ્કારની જાહેરાત કરાઈ છે. આઠ ગુજરાતીઓનો પણ તેમાં સમાવેશ છે. આ વર્ષે સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન માટે કોઈની પસંદગી કરવામાં આવી નથી. સૌપ્રથમવાર બોલિવૂડની એકપણ હસ્તિનો પદ્મની યાદીમાં સમાવેશ નથી.

**પદ્મ વિભૂષણ:** જોશી, પવાર, સંગમા(મરણોપરાંત) અને યશુદાસ સહિત સાત લોકોને પદ્મ વિભૂષણ માટે પસંદ કરાયા છે. આ કેટેગરીમાં અન્ય ત્રણ લોકોમાં ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન પ્રોફેસર ઉડિપી રામચંદ્ર રાવ, અધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવ અને મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને તાજેતરમાં જેમનું અવસાન થયું છે તેવા ભાજપના પીઢ નેતા સુંદરલાલ પટવા (મરણોપરાંત)નો સમાવેશ છે.

>> **અનુસંધાન p6**

## ગુજરાતના આઠ મહાનુભાવો પદ્મ પુરસ્કાર માટે પસંદગી પામ્યા

### રત્ન સુંદર મહારાજને પદ્મ ભૂષણ , અન્ય તમામને પદ્મશ્રી


રત્ન સુંદર મહારાજ **અધ્યાત્મ**


પુરુષોત્તમ ઉપાધ્યાય **કલા-સંગીત**


વિષ્ણુ પંડ્યા **સાહિત્ય**


વી.જી. પટેલ **શિક્ષણ**


ડો. દેવેન્દ્ર પટેલ **મેડિસિન**


એચ.આર. શાહ **સાહિત્ય**


ડો. સુબ્રતો દાસ **મેડિસિન**


ગેનાભાઈ પટેલ **કૃષિ**

**નવગુજરાત સમય** > અમદાવાદ

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે જાહેર કરાયેલા પદ્મ એવોર્ડ્સની યાદીમાં ગુજરાતના આઠ મહાનુભાવોનો પણ સમાવેશ કરાયો છે. આ મહાનુભાવોમાં જૈન ધર્મના અધ્યાત્મિક ગુરુ રત્નસુંદર મહારાજ (અધ્યાત્મિક ક્ષેત્ર), ગાયક-સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાય (કલા-સંગીત), શિક્ષણ અને ખાસ કરીને ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ ક્ષેત્રે યોગદાન કરનારા વી.જી. પટેલ (સાહિત્ય અને શિક્ષણ), પીઢ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અને 'નવગુજરાત સમય'ના કટારલેખક વિષ્ણુ પંડ્યા (સાહિત્ય અને શિક્ષણ-પત્રકારત્વ), અકસ્માત સમયે તાત્કાલિક મેડિકલ સહાય પહોંચાડવાની સેવા કરનારા ડો. સુબ્રતો દાસ (મેડિસિન), ડો. દેવેન્દ્ર પટેલ (મેડિસિન), એક દિવ્યાંગનું શું સામર્થ્ય છે તે બતાવીને દાડમની ખેતી માટે ખ્યાનામ બનેલા ગેનાભાઈ પટેલ (કૃષિ) અને અમેરિકા સ્થિત બિનનિવાસી ગુજરાતી એચ.આર. શાહ (સાહિત્ય અને શિક્ષણ-પત્રકારત્વ)નો સમાવેશ છે. ગેનાભાઈ દિવ્યાંગ ખેડૂત છે, જેમના પ્રયાસથી દુષ્કાળગ્રસ્ત બનાસકાંઠા જિલ્લો દેશના સૌથી મોટા દાડમ ઉત્પાદક જિલ્લામાં ફેરવાઈ ગયો હતો. બનાસકાંઠા જિલ્લાના સરકારી ગોલિયા ગામના તેઓ ખેડૂત છે.

**આઠ પદ્મ પ્રતિભાઓએ ગુજરાતને ઉજાળ્યું >>p2**

>> **અનુસંધાન p6**